ગુજરાતમિત્ર
શુક્રવાર ૦૭ જૂન, ૨૦૨૪

મજ્જેની LIFE

# મોડર્ન બનેલા સુરતીઓનો ઢીંગલીઓ પ્રત્યે આજે પણ છલકાય છે પ્રેમ, ઘરને બનાવી દીધું છે ડોલ હાઉસ

જમાનો જેમ બદલાયો છે તેમ બાળકોના રમકડાનો ટેસ્ટ પણ બદલાયો છે. આજના દોરમાં ઘણાખરા બાળકોને મોબાઈલ ફોનનું વળગણ લાગેલું છે. વીડિયો ગેમ અને મોબાઈલ ફોન તેમના રમકડાં બની ગયા છે. પણ આજથી 20-25 વર્ષ પહેલાંના સમયને જો પાછું વળીને જોઇ શકાય તો મોટાભાગનાં બાળકો સરસ મજાની આંખો પટપટાવતી ઢીંગલી સાથે રમતા. મિત્રો-સહેલીઓ ભેગા થઈ ઢીંગલા-ઢીંગલીના મેરેજ કરાવે, તેમના માટે રસોઈ બનાવે એ દ્રશ્ય હવે તો કશે નથી જોવા મળતું. હવે તો કોઈને પૂછીએ કે તમારા ઘરમાં ઢીંગલી છે તો જવાબમાં 'ના' સાંભળવા મળશે. આજનાં બાળકોને ઢીંગલી ડૉલ્સથી રમવું આઉટડેટડે લાગે છે ત્યારે એવાં પણ કેટલાંક બાળકો અને વયસ્ક વ્યક્તિઓ છે જે ઢીંગલીઓ રાખવાનો શોખ ધરાવે છે. તેમને ઘણી બધી સંખ્યામાં ઢીંગલીઓ ખરીદવાનો, ભેગી કરવાનો શોખ કેમ છે, ક્યાં ક્યાંથી ઢીંગલીઓ મેળવી છે, તેમના આ શોખને બીજા લોકો કેવી રીતે મૂલવે છે તે આપણે અહીં જાણીએ.





## મારી દીકરી ચેરીકા તો ઢીંગલીઓને બેબી ગાડીમાં ફેરવે અને ડોલ સાથે જ સુઇ જાય છે: જેમિની મર્ચન્ટ

જેમિનીબેનની 7 વર્ષની દીકરી ચેરીકા રોજ જ ઢીંગલીઓ સાથે રમે. તેમણે જણાવ્યુ કે મારી દીકરી પાસે 40થી વધારે ઢીંગલીઓ છે. અમે તેના માટે કશ્મીર, ગોવા, સિક્કિમથી આ ઢીંગલીઓ ખરીદી છે. તે ઘરમાં ટેન્ટ હાઉસમાં ઢીંગલીઓ ગોઠવે પછી કિચન સેટ ગોઠવી ઢીંગલીઓ માટે જમવાનું બનાવે અને ખવડાવે. આ ઢીંગલીઓમાં સૌથી ઓછી કિંમતની પ્લાસ્ટિકની ઢીંગલી 100 રૂ. કિંમતની છે જયારે સૌથી મોંઘી 2 ફૂટની ઢીંગલી એક હજાર રૂપિયાની છે. ચેરીકા તો ઢીંગલીઓ સાથે રાતે સૂઈ જતી હોય, દિવસે બેબી ગાડીમાં ડોલને ફેરવે. આજના બાળકોને મોબાઈલ ફોનમાં ગેમ રમવી ગમે છે પણ મારી દીકરીને ઢીંગલીઓ સાથે રમવાની મજા આવે. તે કોઈ દિવસ તેને તોડે કે ફોડે નહીં. તે કોઈ વખત મારી પાસે એની ઢીંગલી લઈને દોડતી આવે અને મને કહેતી હોય મમ્મી મારી ઢીંગલીને જુઓને તે બીમાર લાગે છે તેને આપણે દવાખાને લઈ જઈએ.





## 15 વર્ષથી વિવિધ દેશોની ડોલનું કલેક્શન કરું છું, 4-5 ફૂટની ડોલ પણ છે: ધવલ ભંડારી

ધવલભાઈ પાસે 25થી વધારે ડોલ છે. વિદેશ ફરવા જતા તેમના મિત્રો પાસેથી ફ્રાન્સ, નેધરલેન્ડ, થાઈલેન્ડ, UK, ઇટાલીની ડોલ મંગાવી હતી. તેમણે જણાવ્યું કે હું ડોલનું કલેક્શન 15 વર્ષથી કરું છું. નાનીથી માંડીને 4 અને 5 ફૂટની ડોલ પણ મારા કલેક્શનમાં છે. કેટરીના નામની ફ્રાન્સની ડોલ 1945ની સાલની છે તો ઇટલીની એલેક્સ ડોલ 1960ની છે. આજના બાળકો મોબાઈલ ફોનમાં ખોવાઈ ગયા છે તેમને પહેલાના બાળકો ઢીંગલી રમતા તેનાથી વાકેફ કરવા હું ડોલનું કલેક્શન કરું છું. આ બધી જ ડોલ પોર્સલીનમાંથી બની છે જે કાચ જેવી હોવાથી જો તે પડે તો તૂટે. મેં દરેક ઢીંગલીને રેપરમાં પેક કરીને રાખી છે જેથી તે ખરાબ નહીં થાય. મારી પાસેની ઢીંગલીઓ જોઈ બાળકો ખુશ થઈ જાય છે. મારા બંને દીકરાઓને પણ આ ઢીંગલીઓ ગમે છે. આ ઢીંગલીઓ 3 હજાર રૂપિયાની કિંમતથી લઈને 15 અને 20 હજાર રૂ.ની કિંમત સુધીની છે.





## 25 જેટલી ઓરિજિનલ બાર્બી ડોલ છે, ડોલને મેકઅપ કરવાનું બહુ ગમે: પહલ પટેલ

પહલ 9 વર્ષની છે તેની પાસે 25 ઓરિજિનલ બાર્બી ડોલ છે. પહલે જણાવ્યું કે મારા મમ્મી પપ્પા સાથે મુંબઈ, સિંગાપોર, દુબઈ ફરવા ગઈ હતી ત્યાંથી પણ મેં બાર્બી ડોલ ખરીદી છે અને સુરતમાંથી પણ. મારી પાસે ડૉક્ટર બાર્બી ડોલ સાથે ડોક્ટરની કીટ, ઈન્જીનિયર, બાર્બી ડોલ સાથે એન્જીનિયરીંગને લગતા સાધનોની કીટ છે. મારી પાસેના ડોલ હાઉસમાં હું બધી બાર્બીને ગોઠવીને એમની સાથે રમું. ઢીંગલીઓને મેકઅપ કરવું તેમના હેયર ડ્રાય કરવા પણ મને ગમે છે. મારી પાસે 500 રૂપિયાની સૌથી ઓછી કિંમતની અને સૌથી વધારે 3000 રૂ. ની કિંમતની ડોલ પણ છે. રમતા રમતા મારાથી બાર્બી ડોલને નુકસાન પણ થતું હોય છે. પહેલા કોઈ મને કહે કે તું ઢીંગલી સાથે કેમ રમે છે ત્યારે હું કહેતી મને આ બધી ડોલ ફ્રેન્ડ્સ જેવી લાગે છે. જો કે, હવે થોડી મોટી થઈ હોવાથી અને સ્ટડી પર પણ ધ્યાન આપવાનું હોવાથી ઢીંગલી સાથે રમવાનું ઓછું થયું છે.

LifeStyle Trends

સ્કૂલો શરૂ થઈ ગઈ છે અને ગરમી પણ પોતાનો પ્રકોપ બતાવી રહી છે એવામાં સુરતી બાળકો ઇન્સ્યુલેટેડ વોટર બોટલ સ્કૂલમાં લઈ જવાનું વધારે પ્રીફર કરવા લાગ્યા છે કારણકે, જ્યારે પાણી પીવું હોય ત્યારે ઠંડુ પાણી મળી જશે. તે ગરમ પીણાંને ગરમ જ રાખશે અને ઠંડા પીણાને ઠંડા જ રાખશે. એવી જ રીતે ઇન્સ્યુલેટેડ લંચ બોક્સ પણ અત્યારે નાના બાળકો માટે પ્રીફર કરાય છે. તો ચાલો આપણે આ વોટર બોટલ અને લંચબોક્સ વિશે અવનવું જાણીએ....

# સ્કૂલ સ્ટુડન્ટ્સની પસંદ બન્યા ઇન્સ્યુલેટેડ વોટર બોટલ- લંચ બોક્સ, ગિફ્ટમાં પણ અપાય છે

## ગિફ્ટમાં પણ અપાય છે આ લંચ બોક્સ અને વોટર બોટલ

નાના બાળકની બર્થડે પાર્ટી હોય કે કોઈ ફંકશન કે ફેસ્ટિવલ હોય ત્યારે પણ ગિફ્ટ તરીકે ઇન્સ્યુલેટેડ લંચ બોક્સ અને વોટર બોટલ અપાઈ રહી છે. સ્ટેનલેસ સ્ટીલના ત્રણ ખાનાના લંચ બોક્સ અને વોટર બોટલ એટલા માટે ગિફ્ટ તરીકે અપાય છે કારણ કે તેને ઈઝીલી કશે પણ લઈ જઈ શકાય છે. લંચબોક્સ અને વોટર બોટલ પર બાળકનું નામ લખી પર્સનાલાઇઝડ કરી શકાય છે.



## સ્ટીલથી બનેલી ઇન્સ્યુલેટેડ વોટર બોટલમાં 24 કલાક પાણી રહે છે ઠંડુંગાર

અત્યારે આગઝરતી ગરમીમાં સ્કૂલે જતાં વિદ્યાર્થીઓ અને પીકનીક પર નીકળેલા લોકો સ્ટીલની ઇન્સ્યુલેટેડ વોટર બોટલ લઈ જવાનું વધારે પસંદ કરી રહ્યા છે કેમ કે તેમાં ઠંડુ પાણી રેડ્યું હોય તો તે 24 કલાક ઠંડું રહે છે. વળી, તેમાં ચા અને સૂપ પણ લઈ જઈ શકાય છે. આ વોટર બોટલ 1100- 1200 રૂપિયા જેટલી મોંઘી કિંમતે મળે છે.




## કસ્ટમાઇઝડ બોટલ અને લંચ બોક્સની ડિમાંડ

સ્કૂલમાં લઈ જવા માટેની બોટલ અને લંચબોક્સ ફક્ત ઇન્સ્યુલેટેડ જ નથી હોતા પરંતુ હવે સ્ટેનલેસ સ્ટીલના પ્રિફર કરાય છે અને સાથેજ એના પર બાળકનું નામ પણ લખેલું હોય છે. પોતાના નામની વસ્તુ બાળકને ખૂબ ગમે છે.



## નાસ્તો ગરમ રહે માટે ઇન્સ્યુલેટેડ લંચ બોક્સની ડિમાન્ડ વધી છે

સ્કૂલ અને ઓફિસમાં હવે ઇન્સ્યુલેટેડ લંચ બોક્સ લઈ જવાનું ચલણ પણ સુરતમાં વધતું જોવા મળી રહ્યું છે. કારણ કે તેમાં ગરમ નાસ્તો કલાકો સુધી ગરમ રહે છે. ઘણી બ્રાન્ડ દ્વારા આ કારણે જ ઇન્સ્યુલેટેડ લંચબોક્સ બજારમાં ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે.

---

CREATIVE માઇન્ડ્સ

તમે સચિન GIDCમાં જશો તો ત્યાં લૂમ્સની એક અલગ જ પ્રકારની ફેક્ટરી જોવા મળશે. તે ફેક્ટરી 100-125 વર્ષ જૂની સુંદર મજાની કલાત્મક વસ્તુઓથી સુશોભિત કરાઈ છે. આ ફેક્ટરીના માલિક છે જિતેન્દ્રભાઈ ખત્રી અને તેમના બે ભાઈઓ પ્રકાશભાઈ અને દિનેશભાઈ. જેઓ 1980માં વડોદરાથી સુરત આવીને વસ્યા હતા અને સાથે દાદા વલ્લભરામનું એન્ટિક વસ્તુઓનું કલેક્શન અહીં લઈ આવ્યા હતા. દાદા કાપડનો અને ફાયનાન્સનો ધંધો કરતા હતા એટલે તેમની પાસે પુષ્કળ પૈસો હતો એને કારણે તેમને અલગ જ કહી શકાય તેવી વસ્તુઓ કલેક્ટ કરવાનો શોખ હતો. તમને અમે અહીં જણાવી દઈએ કે આ કલેક્શનમાંની ઘણી વસ્તુઓ એવી છે જે જિતેન્દ્રભાઈના દાદા અને તેમનો પરિવાર ઉપયોગમાં લેતાં જે સમય જતાં એન્ટિક વસ્તુઓનો ખજાનો બની ગઈ છે. ચાલો આપણે અહીં જાણીએ કે જિતેન્દ્રભાઈના દાદા કેમ ઘરમાં યુઝ થતી વસ્તુઓનું કલેક્શન કરતા, તેઓ કેમ આ વસ્તુઓનું નાનું મ્યુઝિયમ બનાવવા માંગે છે ?



# સવાસો વર્ષના કલાત્મક વાસણો, સોનાના તારના કપડાંનું અદભુત છે કલેક્શન, બની રહ્યું છે મીની મ્યુઝિયમ



## ગણતા ગણાય નહીં એટલા જર્મન સિલ્વર અને પિત્તળનાં વાસણો છે

જિતેન્દ્રભાઈએ જણાવ્યું કે મારા દાદાના સમયથી લગભગ 125 વર્ષ જૂના વાસણોમાં વાટકા, પાણી ભરવાના લોટા, થાળી, ફોલ્ડિંગ ગ્લાસ, યુનિક ડિઝાઈનના હલ્દી-કંકુના વાસણો, પાનનો ડબ્બો, ગંગા-જમની વાસણ, કીટલી છે,જેની ડિઝાઈન યુનિક અને આકર્ષક છે. આમાંના મોટાભાગના વાસણો મારા દાદાએ મુંબઈથી મેળવ્યાં હતાં. 1906માં પુણેમાં એકઝીબીશન થયું હતું તેમાં મારા દાદાએ હેંડલુમની સાડી અને જરજવેરાત પ્રદર્શનમાં મુક્યા હતા અને તેમાં દાદાને ગોલ્ડ મેડલ મળ્યો હતો





## 95 વર્ષ પહેલાંના ન્યૂઝ પેપર, વડોદરાના ગાયકવાડ સ્ટેટના કોરા સ્ટેમ્પ પેપર, કાપડ પર લખાયેલા દસ્તાવેજ હજી અમારી પાસે તે જ સ્થિતિમાં છે

જિતેન્દ્રભાઈએ જણાવ્યું કે 1929માં મુંબઈમાં છપાતા એક અઠવાડિક પેપરના આખા વર્ષની કોપી બાઈન્ડિંગ કરીને સાચવી રાખી છે, આ ન્યૂઝ પેપર પર નજર નાખવામાં આવે તો તે સમયના સોના, ચાંદીના ભાવ, કાર, સાઈકલ, અનાજના ભાવ પણ જાણી શકાય છે. અમારા તે સમયના બિઝનેસને લગતા કાપડ પર લખાયેલા દસ્તાવેજ હજી પણ એ જ સ્થિતિમાં જળવાયેલા છે. તે સમયે અમે ખરીદેલા વિવિધ કમ્પનીના શેરને લગતા કાગળ, કોરા સ્ટેમ્પ પેપર, હૂંડી પણ છે જે લોકોના આકર્ષણનું કેન્દ્ર છે.










## ફેક્ટરીમાં 185 ફૂટ જગ્યામાં મીની મ્યુઝિયમ બનાવીશું, લોકો જોઈ શકશે અમારા કલાત્મક ખજાનાને: જિતેન્દ્ર ખત્રી

જિતેન્દ્રભાઈએ જણાવ્યું કે હું ટેક્સટાઈલના બિઝનેસ સાથે સંકળાયો છું. સચિન GIDCમાં અમારી પાવર લૂમ્સની ફેક્ટરીની 185 ફૂટ જગ્યા અમે અમારા દાદા વલ્લભરામ ખત્રી અને મારા પિતા ભગવાનદાસ ખત્રીએ જે એન્ટિક કલાત્મક વસ્તુઓનું કલેક્શન કર્યું છે તેને વ્યવસ્થિત રીતે સાચવી રાખવા મીની મ્યુઝિયમ બનાવી રહ્યા છીએ. આ મ્યુઝિયમમાં અમે જે કલાત્મક વસ્તુઓ સંગ્રહિત કરીને રાખીશું તેના વિશે અમારા બાળકો અને શહેરીજનો વિસ્તૃતમાં માહિતી મેળવી તેની યાદો વર્ષનો ને વર્ષો સુધી તાજી રાખશે. મારા બાદ આ કલેક્શન મારો દીકરો જીગર અને ભત્રીજો મિહિર સાચવી રાખશે. અમારા અલથાણમાં સ્થિત ઘરમાં પણ કોઈન, ગ્રીટિંગ્સ કાર્ડનું કલેક્શન છે. ઘણી કલાત્મક વસ્તુઓ અમે અમારા વડોદરાના ઘરમાં પણ સાચવીને રાખી છે.



## 124 વર્ષ જૂનું મુંબઈથી મેળવેલું બંગડી વાજુ, રેડિયો, કેમેરા, જૂની ચાવીવાળી ઘડિયાળોથી રૂમની વધી રહી છે શોભા

ફેકટરીના એક મોટા રૂમમાં 80-85 વર્ષથી લઈને 100-125 વર્ષ જૂની ચાવીવાળી ઘડિયાળો સ્વિત્ઝર્લેન્ડ, USA, જાપાન, જર્મનીના બનાવટની છે. 124 વર્ષ જૂનું બંગડી વાજુ હજી પણ ચાલુ હાલતમાં છે. આખા દેશમાં 4-5 જ બંગડી વાજુ ચાલુ અવસ્થામાં છે જેમાંનું એક જિતેન્દ્રભાઈ પાસે છે. તેમની પાસે 80-90 વર્ષ જૂના કેમેરા પણ છે જેમાનો એક કેમેરા USA નો છે તો એક જર્મન બનાવટનો છે. મુંબઈથી મેળવેલો 100 વર્ષ જૂનો રેડિયો દેખાવે ડિફરન્ટ ડિઝાઈનનો લાગે છે. વર્ષો જૂનું ગ્રામોફોન પણ છે.









## સોનાના તારની પાઘડી, સોનાની જરીની સાડી, વીંટીમાંથી પસાર થતું ઢાંકાનું મલમલ

જિતેન્દ્રભાઈ ખત્રીનો પારિવારિક બિઝનેસ કાપડનો જ છે. એમની પાસે જે એન્ટિક કલાત્મક વસ્તુઓનો ખજાનો છે તેમાં મરાઠી સ્ટાઈલની પાઘડીઓ છે જેમાં સોનાના તાર છે જે ખૂબ જ સુંદર અને આકર્ષક દેખાય છે. ઢાંકાનું મલમલ પણ છે જે વીંટીમાંથી પસાર થાય છે. ઉપરાંત સોનાની જરીની સાડી ઉપરાંત રેશમનું અબોટિયું છે. આ ઉપરાંત જૂની મુદ્રાઓ, ઝભ્ભાના યુનિક સ્ટાઈલના બટન, પેનની સોનાની નિબ, કલમ અને ખડિયાનું પણ જબરદસ્ત કલેક્શન છે.







## પંખાવાળા ફાનસ, રાજા રવિ વર્માના પેઇન્ટિંગની ફર્સ્ટ કોપી, પાઉડરના ડબ્બા અને સિગારેટના કેસ પણ સાચવીને રાખવામાં આવ્યા છે

જીતેન્દ્રભાઈએ જણાવ્યું કે, અમારા એન્ટિક કલાત્મક વસ્તુઓના ખજાનામાં અનોખા ગણી શકાય તેવા ફાનસ પણ છે. જેમાં પંખા જોવા મળે છે. ફાનસની ઉપરના ભાગમાં કેરોસીન હોય એટલે તે ગરમ થાય માટે વચલા ભાગમાં પંખો હોય છે જેને ચાવી આપી ચાલુ કરાય છે જેથી ફાનસ તપે નહીં. આ લગભગ 125 વર્ષ જૂના ફાનસ પણ મારા દાદાએ અલગ અલગ જગ્યાઓ પરથી ક્લેક્ટ કર્યા હતાં. રાજા રવિવર્મા ના પેઈન્ટિંગની ફર્સ્ટ કોપી એવા 40થી વધારે પેઈન્ટિંગ સહિત પેઈન્ટિંગથી ફેકટરીની દીવાલ દીપી રહી છે. પેઈન્ટિંગના ખજાનામાં કાશી વિશ્વનાથનું પેઈન્ટિંગ ખૂબ જ મનમોહક છે જેની પ્રિન્ટ લાહોરમાં થઈ હતી. ઈલેક્ટ્રિક ફિટિંગ જેમકે સ્વિચ, પ્લગ લાકડાના છે તેનો ખજાનો પણ છે. મોટી સંખ્યામાં પાઉડરના ડબ્બા અને સિગારેટના કેસ પણ અમે સાચવીને રાખ્યા છે.

